ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

શનિવાર ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ | **દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785



## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદમાં લગ્ન બંધારણના અમલ માટે ભીલ સમાજ પંચની મિટિંગ યોજાઈ



દાહોદ : દાહોદ શહેરમાં ભીલ સમાજ લગ્ન બંધારણના અમલ માટે પ્રસંગ પાર્ટી પ્લોટ માં તાલુકા કક્ષાની એકમિટિંગ યોજાઈ હતી આ મિટિંગમાં લગ્નના કુરિવાજો, ખોટા ખર્ચા, ખોટા વ્યસનોથી દૂર રહેવા સૂચના સહિતની ખૂબ જ અગત્યની વાતો કરવામાં આવી હતી અંકુશ કરી લગ્ન પ્રસંગ મર્યાદામાં કરવા જણાવ્યું હતું સાથે પંચ દ્વારા સમાજના લગ્ન બંધારણમાં નવી જોગવાઈ કરવામાં આવી છે જેમાં લગ્ન વિધિ,લગતીયા લગ્નમાં વરઘોડો,બગી, ફટાકડા દારૂખાનું સ્પ્રે,ડીજે સહિતના ફોટા ખર્ચા ઉપર કાપ મૂકવામાં આવ્યો છે આ મીટીંગમાં તાલુકા ભીલ સમાજ પંચ પ્રમુખ અને દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી ઉપાધ્યક્ષ હર્ષદભાઈ નિનામા સહિત તાલુકાના સમાજના અગ્રણીઓ અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સમાજ સુધારણા ની વાતોને વધાવી હતી.

### રેંટિયા ખાતે ઉચ્ચતર માધ્યમિક શાળામાં કુમાર છાત્રાલયના નવિન ભવનનું લોકાર્પણ કરાયું



દાહોદ :ગુર્જર ભારતી દાહોદ અને અનુસૂચિત જાતિ વિકાસ પરિષદ, દાહોદ દ્વારા રેંટીયા ઉચ્ચ.માદયમિક શાળા નાં સંકુલ માં " માં સરસ્વતી" ની પ્રતિમા સ્થાપન તેમજ મહંતગુરુ જમનાદાસ મહારાજ દાડકીવાલા કુમાર છાત્રાલય નાં નવીન ભવનનો લોકાર્પણ કાર્યક્રમમાં થયો હતો આ કાર્યક્રમમાં હનુમાનજી મંદિર,પીપલખુટા નાં મહંત૧૦૦૮ સંતરત્ન દયારામજી મહારાજ, સનાતનદાસજી પ્રભુ મહારાજ ( ઈસ્કોન મંદિર, દાહોદ)સ્નેહલભાઈ ધરીયા (પ્રમુખશ્રી, જીલ્લા ભાજપ)દામા ( જીલ્લા શિક્ષણાધિકારી)અને દાહોદના ભામાશા એવાં ઉદ્યોગપતિ રાજેશભાઈ શાહ( જમનાદાસ ઈન્ડ., દાહોદ) તથા ગુર્જર ભારતી પરીવારના તમામ સ્ટાફબંધુઓ ઉપસ્થિત રહ્યા હતાં,ગુર્જરભારતી નાં તમામ વિદ્યા સંકુલોમાં માત્ર વિદ્યાભ્યાસ નહીં પણ બાળકોની સાચી કેળવણી,અભ્યાસ ની સાથે સાથે સંસ્કૃતિ અને સંસ્કારો નું સિંચન,રાષ્ટ્રહિત સર્વોપરીનાં ધ્યેય સાથે વ્યક્તિ નિર્માણ થકી રાષ્ટ્રનિર્માણનાં પાઠ. અને માત્ર શાળા નહીં પણ સાક્ષાત "માં સરસ્વતી" નાં ધામ,આમ શિક્ષણ નું જ્યારે વ્યાપારી કરણ થઈ ગયું છે ત્યારે આવાં સંકુલો દુર્લભ જ જોવાં મળે છે.

### સીંગવડ તાલુકા પંચાયતના હોલમાં આંગણવાડી તેડાગર માટે રસોઈ શો તાલીમનું આયોજન



સીંગવડ : સીંગવડ તાલુકામાં તાલુકા પંચાયત ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં પોષણ અને સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા હેતુસર તેડાગર બહેનો માટે વિશેષ "રસોઈ શો તાલીમ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમનું આયોજન મહિલા અને બાળ વિકાસ વિભાગ સિંગવડ 1 માં ફરજ બજાવતા CDPO ચૌહાણ ભગવતીબેન અને સિંગવડ 2 માં CDPO પરમાર પિન્કીબેન અને ICDS સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું. આ તાલીમમાં તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોની આંગણવાડી તેડાગર બહેનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા તાલીમ દરમિયાન ગર્ભવતી માતાઓ, ધાત્રી માતાઓ અને ૬ મહિના થી ૬ વર્ષ સુધીના બાળકો માટે પૌષ્ટિક અને સંતુલિત આહાર કેવી રીતે તૈયાર કરવો તેની પ્રાયોગિક માહિતી આપવામાં આવી હતી.

### ઝાલોદની ઢાડીયા પ્રા.શાળામાં નવા ઓરડાઓના ખાતમુહૂર્ત સાથે લાયબ્રેરીની જાહેરાત કરાઇ



ઝાલોદ : ઝાલોદ ના ઢાડીયા પ્રાથમિક શાળામાં નવા ઓરડાઓના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. ઝાલોદ 130 વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે રૂ. ૫૨ લાખના ખર્ચે ૪ નવા ઓરડાઓના બાંધકામનો પ્રારંભ કરાયો હતો. જિલ્લા સ્તરે વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૨૦૨૫ ઓરડાઓ મંજૂર કરવામાં આવ્યા છે, જેના માટે અંદાજિત રૂ. ૨૯૦ કરોડનો ખર્ચ નિર્ધારિત થયો છે. ઝાલોદ તાલુકામાં કુલ ૬૪૪ ઓરડાઓ મંજૂર થયા છે, જેમાંથી ૧૮૫ ઓરડાઓનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ૨૪૪ ઓરડાઓનું બાંધકામ હાલ પ્રગતિ હેઠળ છે. ઉપરાંત ૧૧ ઓરડાઓના વર્ક ઓર્ડર આપવામાં આવ્યા છે તથા ૨૧૧ ઓરડાઓ માટેની ટેન્ડર પ્રક્રિયા SSA, ગાંધીનગર કચેરી ખાતે ચાલુ હોવાનું જણાવાયું હતું.

---

તપાસ બાદ અફવા ખોટી સાબિત, કોઈ વાંધાજનક વસ્તુ ન મળતા રાહત

# દાહોદમાં પોસ્ટ ઓફિસ અને પાસપોર્ટ ઓફિસ ઉડાવવાની અફવાથી દોડધામ

**ધમકીની અફવા પગલે બંને કચેરીઓ ખાલી કરાઇ, પોલીસનો મોટો કાફલો દોડી આવ્યો**

(પ્રતિનિધિ) દાહોદ તા.27

દાહોદ શહેરમાં પોસ્ટ ઓફિસ અને પાસપોર્ટ ઓફિસ ઉડાવી દેવાની ધમકીની અફવા ફેલાતાં ભારે દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અફવાની જાણ થતાં તાત્કાલિક અસરથી બંને સરકારી કચેરીઓ ખાલી કરાવવામાં આવી હતી.

માહિતી મુજબ, અફવા ફેલાતાની સાથે જ પોલીસને જાણ કરવામાં આવી હતી. જેના પગલે ડીવાયએસપી, પીઆઈ, એસઓજી સહિતનો પોલીસ કાફલો દાહોદની પોસ્ટ ઓફિસ ખાતે પહોંચ્યો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. સુરક્ષા કારણોસર પોસ્ટ ઓફિસ અને પાસપોર્ટ ઓફિસના કર્મચારીઓ



તથા નાગરિકોને બહાર કાઢવામાં આવ્યા હતા.સઘન તપાસ, કોઈ વાંધાજનક વસ્તુ ન મળી

પોલીસ દ્વારા ઓફિસ પરિસર, આસપાસનો વિસ્તાર તેમજ કોઈ શંકાસ્પદ ઈમેલ કે સંદેશાની પણ તપાસ કરવામાં આવી હતી. જો કે કોઈ વાંધાજનક ચીજવસ્તુ કે ધમકી સંદેશ ન મળતા આખરે અફવા ખોટી સાબિત થઈ હતી, જેના બાદ સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ સમગ્ર ઘટનાક્રમ અંદાજે બે કલાક જેટલો સમય ચાલ્યો, જેના કારણે શહેરમાં ચર્ચાઓનો માહોલ રહ્યો અને ઘટના સ્થળે લોકોની પણ સારી સંખ્યામાં ભીડ જોવા મળી હતી. તપાસ પૂર્ણ થયા બાદ બંને કચેરીઓને રાબેતા મુજબ ફરી શરૂ કરવામાં આવી હતી.

પોલીસે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને કોઈ શંકાસ્પદ માહિતી મળે તો તરત તંત્રને જાણ કરવા અપીલ કરી છે.

---

દાહોદના રાબડાલ પાસે મોટી દુર્ઘટના ટળી

# ટ્રક ડ્રાઈવરની સમયસૂચકતાથી એસટી બસના મુસાફરોનો બચાવ



(પ્રતિનિધિ) દાહોદ તા.27

એસટી બસને બચાવવા જતાં ટાઈલ્સ ભરેલી ટ્રક ખાડામાં ખાબકી મોરબીથી કોટા ટાઈલ્સ ભરી જતી ટ્રક ડ્રાઈવર એ સામે બસ ને બચાવવા જતા પોતાની ટાઈલ્સ ભરેલ ટ્રક પોતાનો જીવ જોખમ માં મૂકી ટ્રક ને ખાડા મા ઊતારી દીધી ડ્રાઈવર ની સમય સૂચકતાએ જીવ બચાવ્યા ટ્રક ચાલકે પોતાનો જીવ જોખમમાં મૂકી એસટી બસના મુસાફરોને બચાવ્યા અકસ્માત ટાળવા ટ્રક ચાલકે ગાડી ખાડામાં કૂદાવી દીધી, પોતે થયો ગંભીર ઈજાગ્રસ્ત ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર રાબડાલ રોડ ઉપર થયેલ અકસ્માત ટ્રક ચાલકની બહાદુરીથી જાનહાનિ ટળી. ટ્રક ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચતા ઝાયડસ હોસ્પિટલ ખસેડાયો ઘટના ની જાણ થતા તાત્કાલિક પોલીસ ઘટના સ્થળે પહોંચી આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

---

હોળી બાદ આદિવાસીઓમાં લગ્નની સિઝનનો પણ આરંભ થઈ જાય છે

# આદિવાસી પરંપરા મુજબ 'દિવાળી તો અઠે કઠેની પણ હોળી તો ઘરની જ'

(પ્રતિનિધિ) દાહોદ તા.27

પેટીયુ રળવા માદરે વતન છોડી જિલ્લા બહાર ગયેલા દાહોદ જિલ્લાના આદિવાસીઓનો હોળી પર પરત માદરે વતન આવવાનો સિલસિલો શરૂ થતા એસટી બસો અને ટ્રેનોમાં ભારે ભીડ. હોળી પર્વે આદિવાસીઓની થતી ભીડને ધ્યાને રાખી રાજ્યના એસટી વિભાગ દ્વારા દર વર્ષની વધારાની બસો મૂકવામાં આવે છે આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં હોળીનું આગવું મહત્વ હોવાથી વર્ષોથી ચાલી આવતી આદિવાસી પરંપરા મુજબ દિવાળી તો અઠે કઠેની પણ હોળી તો ઘરની જ. ઉક્તિ અનુસાર ઘર આંગણે રોજીના અભાવે માદરે વતન છોડી રોજી માટે રાજ્યમાં અન્યત્ર હિજરત કરીને ગયેલા આદિવાસીઓનું હોળીની ઉજવણી માટે માદરે વતનમાં પરત ફરવાનું શરૂ થઈ જતા દાહોદ આવતી ટ્રેન તથા એસટી બસો તેમજ ખાનગી વાહનોમાં ભારે ભીડ જોવા મળી રહી છે.



ફાગણ સુદ પૂનમ એટલે હોળી પર્વના એક માસ અગાઉ પરંપરા મુજબ જ્યાં હોળી પ્રગટાવવાની હોય છે. તે જગ્યાએ હોળીનો ડંડો રોપવામાં આવે છે. આ દિવસને દંડા રોપણી પૂનમ કહેવામાં આવે છે. દાહોદ જિલ્લાનો આદિવાસી દેશના કોઈપણ ખૂણામાં હોય પરંતુ હોળી પર તો પોતાના માદરે વતન જરૂર આવે છે. અને હોળી પર્વે યોજાતા મેળાઓની મજા માણે છે. અને હોળી બાદ આદિવાસીઓમાં લગ્નની સિઝનનો પણ આરંભ થઈ જાય છે.

---

અન્યાયી વિભાજન રદ કરો નહીંતર મતદાનનો બહિષ્કાર

# ઝાલોદ તાલુકાના નવા સીમાંકન સામે જનઆક્રોશનો જ્વાળામુખી

(પ્રતિનિધિ) દાહોદ તા.27

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા હાલમાં જ જાહેર કરવામાં આવેલી બેઠકોના નવા સીમાંકન અને તાલુકા વિભાજનની પ્રક્રિયા સામે ઝાલોદ તાલુકામાં પ્રચંડ વિરોધનો વંટોળ ઉઠ્યો છે. સ્થાનિક પદાધિકારીઓ અને જાગૃત નાગરિકો દ્વારા રાજ્ય ચૂંટણી આયોગના સચિવને એક વિસ્તૃત વાંધા અરજી પાઠવીને ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે, જો આ લોકશાહી વિરોધી અને અન્યાયી પરિપત્ર તાકીદે રદ કરવામાં નહીં આવે તે આગામી પંચાયત ચૂંટની સમગ્ર પંથ દ્વારા બહિસકાર કરવામાં આવશે.વાંધા અરજીમાં રજૂ કરેલી વિગતો મુજબ, અગાઉ ઝાલોદ તાલુકામાં કુલ ૯ જિલ્લા પંચાયતની બેઠકો હતી. પરંતુ



નવા વિભાજન બાદ નવરચિત ગુરુ ગોવિંદ લીમડી તાલુકાને ૨૬ તાલુકા પંચાયતની બેઠક સામે જિલ્લા છે, જ્યારે તેનાથી મોટા મૂળ ઝાલોદ તાલુકાને વસ્તીના ધોરણે અન્યાય કરી માત્ર ૩ જિલ્લા પંચાયતની બેઠકો જ ફાળવવામાં આવી છે. લિમડીમાં સરેરાશ ૪ તાલુકા સીટ દીઠ એક જિલ્લા બેઠક છે, જ્યારે ઝાલોદમાં એકજિલ્લા બેઠક હેઠળ ૭-૭ તાલુકા બેઠકોનો સમાવેશ કરાતા એક બેઠકનો વિસ્તાર ૧૫ થી ૨૦ કિલોમીટર જેટલો લાંબો થઈ ગયો છે. પદાધિકારીઓનો દાવો છે કે વસ્તીના ગણિત મુજબ ઝાલોદને ઓછામાં ઓછી ૫ જિલ્લા બેઠકો મળવી જોઈએ.સીમાંકન પ્રક્રિયામાં ભૌગોલિક સ્થિતિની ઘોર અવગણના કરાઈ હોવાના અનેક ઉદાહરણો સામે આવ્યા છે.

કદવાળ તાલુકા પંચાયત બેઠકનું કદવાળ નાળ અને ખેડા પંચાયતનું કુદરતી જોડાણ તોડીને રાજકીય ફાયદા માટે બાજરવાડા બેઠક સાથે જોડી દેવાયું છે. ગામડી જિલ્લા સીટને છેક ધાવડિયા બેઠકમાં ભેળવી દેવાતા સામાન્ય જનતાને પોતાના વહીવટી કામો માટે લાંબુ અંતર કાપવું પડશે.આ લડતમાં વસૈયા સુમિત્રાબેન (તા.પંચાયત સખિ મંત્ર સુન ન (જિ.પંચાયત સભ્ય) અને ઝાલોદ તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ મૂકેશ ડામોર સહિતના પદાધિકારીઓ જોડાયા છે.

---

### નપાણિયા સેન્ટર ખાતે દિવ્યાંગ વિદ્યાર્થીને શુભેચ્છા અપાઈ



(પ્રતિનિધિ) દાહોદ તા.27

શિવશક્તિ વિદ્યાલય નપાણીયા સેન્ટર ખાતે દિવ્યાંગ વિદ્યાર્થીને ધોરણ 12 ની પરીક્ષા માટે શુભેચ્છા આપવામાં આવી હતી.સરસ્વતી ઉત્તર બુનિયાદી વિદ્યાલય લકડી પોયડા ખાતે ધોરણ 12 માં અભ્યાસ કરતો સ્લો-લર્નર ની દિવ્યાંગતા ધરાવતો વિદ્યાર્થી બારીયા અશ્વિનભાઈ રયજીભાઈ HSC બોર્ડની પરીક્ષામાં ઉપસ્થિત રહ્યો હતો જેને સેન્ટર સંચાલક ભરતભાઈ પટેલ મહીસાગર શિક્ષક સંઘના અધ્યક્ષ નિલેશભાઈ પટેલ તેમજ IEDSS શિક્ષક જે. પી .સોલંકી દ્વારા ચોકલેટ, ગુલાબ અને પેન-પાટી આપી શુભેચ્છા પાઠવી હતી.

---

ચાલતી ટ્રકમાં અચાનક આગ લાગતા અફરાતફરી

# હાલોલના કણજરી બાયપાસ રોડ પર ટ્રકમાં ભીષણ આગ

(પ્રતિનિધિ) હાલોલ તા.27

હાલોલ પંથકમાં શુક્રવારે વહેલી સવારે કણજરી ચોકડી નજીક ગોધરા-વડોદરા બાયપાસ રોડ પર ચાલતી ટ્રકમાં ભીષણ આગ લાગવાની ઘટના બનતા થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, હાલોલ ફાયર વિભાગની સમયસર અને ઝડપી કામગીરીના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, રાજસ્થાનના રામગંજ મંડીથી કોટાસ્ટોન પથ્થર ભરેલી ટ્રક સુરત તરફ જઈ રહી હતી. ટ્રકના ડ્રાઈવર કારુલાલ ગુજ્જર અને હેલ્પર ગિરિરાજભાઈ ભીલ ઠાકોર મુસાફરી કરી રહ્યા હતા ત્યારે કણજરી બાયપાસ પાસે અચાનક ટ્રકમાં આગ ભભૂકી ઉઠી હતી. સ્થાનિક નાગરિકે તાત્કાલિક હાલોલ ફાયર વિભાગને જાણ કરી હતી.

જાણ મળતા જ હાલોલ ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને વોટર બ્રાઉઝરની મદદથી આગ પર કાબૂ મેળવ્યો હતો. આ કામગીરીમાં ઉત્સવસિંહ રાઠોડ, જયેશભાઈ કોટવાલ, રાજનસિંહ સોલંકી સહિત ચાર તાલીમાર્થીઓ જોડાયા હતા.



આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, જે રાહતની બાબત છે. જોકે આગને કારણે ટ્રકને ભારે નુકસાન થયું હોવાનું અનુમાન છે. આગ સંપૂર્ણપણે કાબૂમાં લઈ ફાયર ટીમ સ્ટેશન પર પરત ફરી હતી. હાલ આગ લાગવાના ચોક્કસ કારણ અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સમયસર મળેલી માહિતી અને ફાયર વિભાગની ઝડપી કામગીરીના કારણે મોટી દુર્ઘટના ટળી હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે.

---

કારનો ફિલ્મી ઢબે પીછો કરી ઝડપી પાડ્યા

# વેજલપુર પોલીસે કતલના ઈરાદે લઈ જવા તો બે ગૌ વંશ બચાવ્યા

(પ્રતિનિધિ) કાલોલ તા.27

વેજલપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ એમ કે પ્રજાપતિ પોલીસ સ્ટફ સાથે સરકારી વાહનમાં નાઈટ પેટ્રોલિંગમાં હતા ત્યારે ખરસાલીયા ચોકડી પાસે વાહન ચેકિંગ દરમિયાન કાલોલ તરફથી એક સફેદ કલરની ફોરવીલ શેવરેલોટ જીજે ૧૬ બીબી ૧૦૧૨ આવતા તેને ઉભો રહેવાનો ઈશારો કરતા ફોરવીલ કારના ચાલકે ગોધરા તરફ ગાડી ભગાવી મૂકી હતી પોલીસે તેનો પીછો કરતા કારચાલક પોતાની કાર મહેલોલ ચોકડી પાસે પ્રભાત કોમ્પ્લેક્સના પાછળના ભાગે મૂકીને ખુલ્લા ખેતરોમાં અંધારાનો લાભ લઈ કારમાંથી બે ઈસમો નાસી છૂટ્યા હતા. પોલીસે બેટરીના અજવાળે ગાડીમાં જોતા ડ્રાઈવરની પાછળની સીટ કાઢી નાખેલ જોવા મળી અને ડીકીના ભાગે ટૂંકા દોરડા વડે ક્રુરતાપૂર્વક બે બળદ બાંધી રાખેલા જોવા મળ્યા પોલીસે કાર પોલીસ સ્ટેશનમાં લઈ રહી તપાસ કરતા ડ્રાઈવર સીટની નીચે પગ મુકવાની જગ્યા ઉપર રેડમી કંપનીનો એક એન્ડ્રોઇડ મોબાઈલ મળી આવ્યો બંને ગોધરા પાંજરાપોળ ખાતે મોકલવાની તજવીજ કરી 4 લાખ રૂપિયાની કાર તેમજ 5000/ રૂપિયા નો મોબાઈલ અને 30,000/ ના ગૌ વંશ કબજે કરી નાસી છૂટેલા બંને ઈસમો સામે પશુઓ પ્રત્યે ક્રૂરતા અધિનિયમ અને પ્રાણી સાચવણી અધિનિયમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

---

**ભવિષ્ય સાથે ચેંડા** શિક્ષકોની 'ઘરે જવાની ઉતાવળ'થી વિદ્યાર્થીઓને વહેલા રજા, નોટિસ બાદ પણ પ્રશ્ન યથાવત

# દુણીયા પ્રા.શાળામાં સમય પહેલાં વિદ્યાર્થીઓને છુટ્ટી

(પ્રતિનિધિ) હાલોલ તા.27

હાલોલ તાલુકાની દુણીયા પ્રાથમિક શાળામાં શિક્ષકો દ્વારા શાળાનો નિર્ધારિત સમય પૂર્ણ થાય તે પહેલાં જ શાળા છોડવાની ગંભીર ફરિયાદો સામે આવી છે. સવાર અને બપોર એમ બે પાળીમાં ચાલતી આ શાળામાં બપોરની પાળીનો સમય સાંજે 5:30 વાગે પૂરો થતો હોવા છતાં, શિક્ષકો અડધો કે એક કલાક વહેલો શાળા છોડી જતા હોવાનો આક્ષેપ થયો છે.

શાળામાંથી છૂટેલા વિદ્યાર્થીઓને પૂછતાં જાણવા મળ્યું કે આ એકાદ-બે દિવસની ઘટના નહીં પરંતુ રોજિંદી સ્થિતિ છે. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ શિક્ષકોને સાંજે ઘરે જવાની ઉતાવળ હોવાથી તેઓ નિયમિત રીતે શાળા સમય પહેલાં જ છોડી દે છે.

આ મામલો શિક્ષણ વિભાગના અધિકારીઓના ધ્યાનમાં આવતા દુણીયા પ્રાથમિક શાળાને સમયસર શાળા ચલાવવા અને વહેલી રજા ન આપવા નોટિસ પાઠવવામાં આવી હતી. નોટિસ બાદ તંત્ર દ્વારા પોતાની જવાબદારી પૂરી કર્યાનો દાવો કરવામાં આવ્યો છે.

હાલોલ તાલુકામાં અનેક ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓ આવેલી છે, જ્યાં ફરજ બજાવતા મોટા ભાગના શિક્ષકો શહેરમાં રહેતા હોવાના કારણે આવન-જાવનમાં તકલીફ અનુભવે છે. પરિણામે, ઘરે જવાની ઉતાવળમાં વિદ્યાર્થીઓને વહેલા છોડી દેવાય છે તેવી ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે.

આવા બનાવોથી ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર પડી રહી છે. નિયમિત દેખરેખ અને કડક કાર્યવાહી ન થાય તો આવી ઘટનાઓ પુનરાવર્તિત થવાની શક્યતા હોવાનું શિક્ષણપ્રેમીઓ માની રહ્યા છે.




---

### કાલોલ બસ સ્ટેશન પાસે એસટી બસના ચાલકે વૃદ્ધાને ટક્કર મારી

(પ્રતિનિધિ) કાલોલ તા.27

ઈન્દોર ખાતે રહેતા મમતા વિનય વરમંડલ દ્વારા કાલોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદ મુજબ ગત મંગળવારે તેઓની માતા અનોપી હરિપ્રસાદ ભોરગા ને તાજપુરા મુકામે આંખનું ઓપરેશન કરાવી રાત્રિના સમયે કાલોલ બસ સ્ટેશન પાસે શકતી પેટ્રોલ પંપ પાસે રોડ ક્રોસ કરતા હતા ત્યારે ગોધરા તરફથી એસટી બસ નંબર જીજે ૧૮ ઝેડ ૮૮૯૮ ના ચાલકે પોતાની બસ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અનોપી હરિપ્રસાદ ભોરગા ઉ.વ.૭૦ ને ટકકર મારતા તેઓ રોડ ઉપર પડી ગયા હતા.

માથાના ભાગે ઈજાઓ પહોંચાડતા ૧૦૮ મારફતે કાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી ગોધરા સીવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે અંગેની ફરિયાદ કાલોલ પોલીસ મથકે નોંધાવતા પોલીસે એસટી બસના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.